# ગાંધીનગર ખાતે માટી કલાકૃતિ પ્રદર્શન અને જનજાગૃતિ શિબિર

**પીઓપીની મૂર્તિઓ પર પ્રતિબંધ મૂકવા માટે રાજ્ય સરકારની વિચારણા : તહેવાર દરમિયાન વેચાતી મૂર્તિઓમાં માટીની મૂર્તિઓના વેચાણને જ પ્રાધાન્ય અપાશે : ગામડે ગામડે ભગવાન સ્વરૂપ માટીકલા કારીગરોને ટેકનોલોજીના માધ્યમ દ્વારા પ્રોત્સાહિત કરીને સ્વરોજગારી ઉભી કરાશે : ગુજરાત માટીકામ કલાકારી અને રૂરલ ટેકનોલોજી સંસ્થાન દ્વારા ગાંધીનગર ખાતે જનજાગૃતિ શિબિર સંપન્ન**






ગાંધીનગર, તા. ૨૮

નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલે જણાવ્યું છે કે ગામડે ગામડે ભગવાન સમાન માટી કામ કરતાં કલાકારોને સ્વરોજગારી પૂરી પાડવા રાજ્ય સરકાર કટિબદ્ધ છે. પર્યાવરણના અને સંસ્કૃતિના જતન થકી માટીકામ કલાકારોને તમામ પ્રકારની સગવડો પૂરી પાડવા રાજ્ય સરકાર હરહંમેશ તત્પર છે.

આજે ગાંધીનગર ખાતે ગુજરાત માટીકામ કલાકારી અને રૂરલ ટેકનોલોજી સંસ્થાન દ્વારા આયોજીત માટી કલાકૃતિ પ્રદર્શન અને જનજાગૃતિ શિબિરનો શુભારંભ કરતાં નાયબ મુખ્યમંત્રી પટેલે ઉમેર્યુ કે, માટી કલાકારો દ્વારા સ્વરોજગારી થકી હજારો પરિવારોનું ગુજરાન રાજ્યમાં થઈ રહ્યુ છે ત્યારે આવા કારીગરોને ટેકનોલોજીના માધ્યમ દ્વારા પ્રોત્સાહિત કરીને કારીગરો ટેકનોલોજી અપનાવતા થાય અને વધુ રોજગારી મેળવે એ માટેના સક્રિય પ્રયાસો કરાશે. ભુતકાળમાં માટીમાંથી તૈયાર થતી ચીજવસ્તુઓ માટે કારીગરોને જે શ્રમ પડતો હતો તેમાંથી બહાર લાવવાનું કામ આ સરકારે કર્યું છે. તેમને પણ ટેકનોલોજીનો લાભ મળે અને ઓછી મજૂરીથી વધુ રોજગારી મળે એવા પ્રયાસો હાથ ધર્યા છે. સંસ્થાન દ્વારા આજે જે પ્રદર્શનનું આયોજન કરાયું છે એ રાજ્યના તમામ ગામડાઓમાં યોજવા માટે પણ નાયબ મુખ્યમંત્રીએ સૂચન કર્યું છે.

નાયબ મુખ્યમંત્રી પટેલે ઉમેર્યું કે, રાજ્યમાં તહેવારો દરમિયાન દેવી-દેવતાઓની મૂર્તિઓનું જે વેચાણ થાય છે તેમાં પણ માટીની મૂર્તિઓના વેચાણને પ્રાધાન્ય અપાશે. પર્યાવરણને નુકશાન કરતી પ્લાસ્ટર ઓફ પેરીસ(PoP)ની મૂર્તિઓ પર આગામી સમયમાં પ્રતિબંધ મુકવાની પણ રાજ્ય સરકારની વિચારણા છે. જેના પરિણામે પર્યાવરણનું જતન થશે. સાથે સાથે ગામડામાં રોજગારીનું સર્જન થશે અને લોકોનું જીવનધોરણ ઉંચું આવશે. આ પ્રસંગે અન્ન, નાગરિક પુરવઠો, કુટીર ઉદ્યોગ, છાપકામ અને લેખન સામગ્રી વિભાગના રાજ્ય મંત્રી ધર્મેન્દ્રસિંહ જાડેજા, ધારાસભ્ય જીતેન્દ્રભાઈ સુખડીયા, સંસ્થાનનાં સચિવ સંદિપકુમાર, નિયામક આર.કે. પટેલ સહિતના સંસ્થાનના સભ્યો તથા માટીકામ સાથે સંકળાયેલા કારીગરો અને સમાજના અગ્રણીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

### ધાનેરાની મધુસુદન માર્કેટના શોપિંગના
## પાર્કીંગ પરના દબાણ દૂર કરવા તંત્રને લેખિતમાં રજૂઆત કરાઈ




ધાનેરામાં મધુસુદન માર્કેટ નામનું શોપિંગ સેન્ટર બનાવવામાં આવેલું છે પરંતુ જેમાં કોઈપણ પ્રકારની પ્રાથમિક સુવિધા નથી જેને લઈ વેપારીઓ ભારે મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે તો બીજી તરફ શોપિંગ સેન્ટરના પાર્કિંગ વાળી જગ્યા પર પણ શોપિંગ બનાવનારે દબાણ કરી જગ્યા ભાડે આપી દેતા વેપારીઓની મુશ્કેલી બમણી થઈ ગઈ છે વેપારીઓના વાહનો તેમજ ભારતીય આવતા લોકોના વાહનો પાર્કિંગ ના બદલે જાહેર રસ્તા માં મુકતા શોપિંગમાં ટ્રાફિકજામના દ્રશ્યો સર્જાય છે જેને લઈ ધાનેરાના એક જાગૃત નાગરિક દ્વારા મધુસુદન માર્કેટ ના પાર્કિંગની જગ્યા ખુલ્લી કરાવવા માટે ધાનેરા નગરપાલિકા માં લેખિત રજૂઆત કરવામાં આવી છે.

## શાક માર્કેટમાંથી ૨૫૦ કિલો ડુંગળીના જથ્થાની ચોરી

**સુરતના પાલનપુર પાટિયા વિસ્તારમાં સ્થિત માર્કેટમાંથી ૨૫૦ કિલો ડુંગળીની ચોરી : પોલીસ ફરિયાદ**

અમદાવાદ, તા. ૨૮

દેશના જુદા જુદા ભાગોની સાથે સાથે અમદાવાદ સહિત રાજ્યના મોટા શહેરોમાં ડુંગળીના ભાવ આસમાને પહોંચ્યા છે ત્યારે ડુંગળીના જથ્થાની ચોરીના બનાવોની પણ શરૂઆત થઈ ચુકી છે. લાભ ઉઠાવવાના હેતુસર ડુંગળીના જથ્થાની ચોરી થવાનો કિસ્સો સપાટી ઉપર આવતા સનસનાટી મચી ગઈ છે. સુરતમાં આ બનાવ બન્યા બાદ પોલીસ ફરિયાદ પછી તપાસનો દોર શરૂ થયો છે. રાજયમાં ડુંગળીના ભાવ આસમાને પહોંચતા ગૃહિણીઓના બજેટને અસર થઈ છે. ૧૦૦ રૂપિયાની આસપાસ ડુંગળીના ભાવ પહોંચતાં હવે તસ્કરોની નજર ગરીબોની કસ્તૂરી એવી ડુંગળી પર મંડાઈ છે.



સુરત શહેરના પાલનપુર પાટીયા વિસ્તારમાં આવેલી માર્કેટમાંથી ૨૫૦ કિલો ડુંગળીની ચોરી થવાનો બનાવ સામે આવતાં ભારે ચકચાર મચી ગઈ હતી. જેથી ડુંગળીના વેપારી દ્વારા પોલીસ ફરિયાદ નોંધાવવાની તજવીજ હાથ ધરવામાં આવી છે. સુરતના પાલનપુર પાટીયા વિસ્તારમાં આવેલી શાક માર્કેટમાંથી ગરીબોની કસ્તૂરી ગણાતી ડુંગળીની ચોરી થઈ હતી. તસ્કરોએ ૫૦થી ૫૫ કિલોની પાંચ જેટલી ગુણોની ચોરી કરી હાથ સાફ કર્યો હતો. હાલ ડુંગળીનો ભાવ ૧૦૦ રૂપિયા આસપાસ હોઈ અંદાજે રૂ.૨૫ હજારની ૨૫૦ કિલો ડુંગળીની પાંચ બોરીઓની ચોરી થતાં સમગ્ર વિસ્તારમાં ખાસ કરીને પાલનપુર પાટિયા માર્કેટના વેપારીઓમાં ભારે ચકચાર મચી ગઈ હતી. બીજીબાજુ, વેપારીએ સમગ્ર બનાવ અંકે પોલીસ ફરિયાદ કરવાની તજવીજ હાથ ધરી હતી. ડુંગળીના વધેલા ભાવથી પરેશાન ગૃહિણીઓની સાથે ડુંગળીની ચોરીથી વેપારીઓ પણ પરેશાન થયા હોવાનું સ્થાનિકોએ જણાવ્યું હતું. માત્ર સુરત જ નહી પરંતુ સમગ્ર રાજયના વેપારીઆલમમાં ખાસ કરીને શાકભાજીના વેપારીઓમાં ડુંગળીની ચોરીના બનાવે ભારે ચર્ચા જગાવી હતી.

### કંપની સમાચાર

## ગોએરે મેળવ્યુ સૌથી ઊંચુ ફોર-સ્ટાર રેટિંગ

૧.૪ મિલીયન પેસેન્જર્સે ગોએરને ફોર-સ્ટારનું સૌથી ઊંચુ એપ્રુવલ રેટિંગ આપ્યું છે, જેની સાથે તેની કેટેગરીમાં ચાલુ વર્ષે તેને એકમાત્ર એવી એરલાઈન બનાવે છે જેણે સમગ્ર સેન્ટ્રલ એશિયા રિજ્યનમાં આ પ્રકારની પ્રશસ્તિ પ્રાપ્ત કરી હોય. આ રેટિંગ નોન-પ્રોફીટ મેમ્બરશિપ ટ્રેડ ઓર્ગેનાઝેશન કે જેમાં વિશ્વની અગ્રણી એરલાઈન્સ, ઉદ્યોગ, સપ્લાયર્સ, મોટા મીડિયા જૂથો અને સંબંધિત ઉડ્ડયન ઉદ્યોગના આગેવાનોનો સમાવેશ થાય છે તેવી એપેક્સ દ્વારા આપવામાં આવ્યું હતું.

ગોએરના મેનેજિંગ ડિરેક્ટર જેહ વાડીયાએ જણાવ્યું હતું કે ન્યુયોર્ક સ્થિત એરલાઈન પેસેન્જર એક્સપિરીયન્સ એસોસિયેશન (એપેક્સ) વિશ્વભરમાં પેસેન્જર્સ પર વધુ ધ્યાન કેન્દ્રિત કરવા માટે ઉડ્ડયન ઉદ્યોગે સન્માન આપ્યુ છે. ફોર-સ્ટાર રેટિંગ્સ સરેરાશ ૩.૮ વર્ષની વય ધરાવતા યુવના ઉડાન કાફલા સાથે ગોએરના પેસેન્જરલક્ષી દૃષ્ટિકોણને સ્પષ્ટ બનાવે છે.

## ધાનેરાની વિવેકાનંદ સ્કૂલમાં બાળકને માર મારવાની વધુ એક ઘટના સામે આવી




ધાનેરા, તા.૨૮

ધાનેરામાં સ્કૂલને બાળકો ને માર મારવાની હરીફાઈ જામી હોય તેમ એકજ અઠવાડિયા બે બાળકોને માર મારતા ચકચાર મચી જવા પામી છે. પહેલા આલવાડા અને આજે વિવેકાનંદ સ્કૂલમાં માર મારવાની ઘટના સામે આવી.

શિક્ષકને ગુરુનો દરજજો આપવામા આવે છે. સરકાર પણ ભાર વિનાના ભણતર પર ભાર મૂકે છે. પરિપત્ર જાહેર કરીને બાળકોને શિક્ષા ન કરવાનો આદેશ આપવામા આવ્યા છે. પણ હાલ ધાનેરામાં શિક્ષકો હેવાન બની ગયા એમ આ જ અઠવાજિયામાં બે બાળકોને મૂઢ મારવાની ઘટના સામે આવતા વાલીઓમાં ચિતાનું મોજું ફેરવાઈ જવા પામ્યું છે.

ધાનેરાની પ્રખ્યાત સ્કૂલ એટલે કે વિવેકાનંદ સ્કૂલ અને એમાં જ ધોરણ-૯માં ભણતા પ્રદીપ પટેલ નામના વિધાર્થીને વિજ્ઞાન શિક્ષકે મૂઢ માર મારતા ધાનેરા રેફરલ હોસ્પિટલ લાવવામાં આવ્યો હતો. જે તાપસ કરતા ડોકટરે ફેક્ચર હોવાની વાત કરતા અન્ય ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. આ બાબતની વાલીએ સ્કૂલના સતાવાળાઓને રજુઆત કરવા જતાં વાલીની વાત સભળવાનો ઈનકાર કરી દીધો હતો. ત્યારે સવાલ એ ઉભા થઈ રહ્યા છે કે શું આ રીતે ભણશે ગુજરાત ? બાળકોને માર મારવાની આ શિક્ષકોને સતા કોણે આપી ? શું ગુજરાત સરકારની આ નીતિ છે ભાર વિના ના ભણતર ની... આવા અનેક સવાલો વચ્ચે બે ઘટના બનતા ધાનેરામાં વાલીઓ ફફડાટ ફેલાઈ જવા પામ્યો છે. ત્યારે જોવાનું એ રહ્યું કે આ બન્ને શિક્ષક વિરુદ્ધ બનાસકાંઠા ડી.ઓ. સાહેબ શું પગલાં લે છે એ તો આવનારો સમય જ બતાવશે.

## ચોટીલા-રેશમીયા ગામે સિંહે દેખા દેતાં ભારે ભયનો માહોલ

અમદાવાદ, તા.૨૮

સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા અને આજુબાજુમાં આવેલા ઠાગા અને વીડ વિસ્તારમાં સિંહણ પોતાના બે બાળ સિંહ સાથે આવી ચડી છે. ત્યારે આ સિંહ બેલડીએ અત્યાર સુધી આ વિસ્તારના વસવાટ કરતા લોકોને દેખા દીધી ન હતી. પરંતુ ગઈકાલે અંદાજીત રાત્રે ૧૦ વાગ્યા આજુબાજુ સિંહ બેલડી ચોટીલાના રેશમીયા ગામની સીમમાં દેખા દેતાં ભારે ચકચાર મચી ગઈ હતી. ખાસ કરીને સ્થાનિક ગ્રામજનો મહિલાઓ અને બાળકોમાં ભારે ફફડાટની લાગણી પ્રસરી ગઈ હતી. સ્થાનિક ગ્રામજનોની જાણ બાદ હરકતમાં આવેલા વનવિભાગે પણ ચોટીલામાં સિંહ હોવાની આજે પુષ્ટિ કરી હતી. ચોટીલા પંથકમાં સિંહ અને તેના બાળ સાથે ચોટીલામાં પ્રવેશ મેળવ્યો છે ત્યારે ગુજરાતની ત્રણ થી ચાર ફોરેસ્ટ ટીમ આ સિંહોને શોધવા માટે કવાયત હાથ ધરી છે.

ત્યારે સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા વીડ વિસ્તારમાં ૨૦૦ વર્ષ બાદ બાળ સિંહ સાથે સિંહએ આગમન કર્યુ છે. ત્યારે સુરેન્દ્રનગર જિલ્લાના અને ગુજરાત રાજ્યના ચાર ગામની વચ્ચે ચોટીલા ખાતે સિંહએ અલગ અલગ સ્થાને અત્યાર સુધીમાં ૮ થી વધુ પશુઓનું મારણ કર્યુ હોવાની વાત પણ સામે આવી હતી. જેમાં ગઈકાલે રાત્રે સિંહો દ્વારા રેશમીયા ગામમાં પ્રવેશ કરાતાં આ સિંહ સ્થાનિક ગ્રામજન શિવરાજની વાડીમાંથી પસાર થયા હતા. ત્યારે આ સિંહ રેશમીયાથી આવેલ બાજુમાં ઠાગા વિસ્તારમાં આવેલ જંગલી વિસ્તારમાં પ્રવેશ કર્યો હતો.

બીજીબાજુ, આ વિસ્તારમાં સિંહ આવ્યાની વાતની જાણ થતાં ફોરેસ્ટની ટીમ પણ પાછળ શોધખોળમાં નીકળી હતી. સિંહના પગલા અને અન્ય નિશાનીના આધારે આખરે સ્થાનિક વનવિભાગે આ વિસ્તારમાં સિંહ પ્રવેશ્યા હોવાની વાતની પુષ્ટિ કરી હતી. રહેણાંક વિસ્તારમાં સિંહો આવી જવાના કારણે સ્થાનિક ગ્રામજનોમાં ખાસ કરીને મહિલાઓ અને બાળકોમાં ભારે ફફડાટની લાગણી ફેલાઈ ગઈ હતી.

### વીર સાવરકર પાર્ક

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આવાસોનુ નિર્માણ કરવામાં આવ્યુ છે. આ આવાસ યોજનાને વંદે માતરમ પાર્ક નામ આપવામાં આવ્યુ છે. જયારે સે-૩૦ માં પણ વીર સાંવરકર નગરનુ નિર્માણ કરી દેવાયુ છે. આ આવાસ યોજના અન્વયે બી કક્ષાના ૩૩૬ મકાનો બાંધવામાં આવ્યા છે. આ આવાસો તૈયાર થઈ ગયા છે જયારે ટુંકમાં જ નવા આવાસોનુ લોકાર્પણ પણ કરી દેવાશે. અગાઉ ગેસ પાઈપલાઈનનુ કામ બાકી હોવાથી આ આવાસ યોજનાના લોકાર્પણમાં વિલંબ થયો છે. ત્યારે હવે ટુંકમાં જ આ નવા આવાસોની ફાળવણી કર્મચારીઓને કરી દેવામાં આવશે.

### રાજતિલક

● અનુસંધાન પહેલાનું ચાલુ

જ્યારે બીજી બાજુ બિલકુલ અલગ વિચારધારા ધરાવનાર કોંગ્રેસ અને એનસીપી છે. આજે ઉદ્ધવ ઠાકરે ઉપરાંત કોંગ્રેસના બાલાસાહેબ થોરાટે પણ કેબિનેટ મંત્રી તરીકે શપથ લીધા હતા. એનસીપીના છગન ભુજબળે કેબિનેટ મંત્રી તરીકે શપથ લીધા હતા. શિવસેનાના એકનાથ શિંદે અને સુભાષ દેસાઈએ પણ મંત્રીપદના શપથ લીધા હતા. એનસીપીના નેતા જયંત રાજારામ પાટીલે પણ શપથ લીધા હતા. શિવસેનાના નેતા એકનાથ શિંદે અને સુભાષ દેસાઈએ પણ શપથ લીધા હતા. ઠાકરે પરિવારમાંથી પ્રથમ વખત કોઈ વ્યક્તિ મુખ્યમંત્રી બન્યા છે.

### હિમવર્ષા

● અનુસંધાન પહેલાનું ચાલુ

ઉંચાણવાળા વિસ્તારોમાં ભારે હિમવર્ષા થઈ રહી છે. નીચાણવાળા વિસ્તારોમાં ભારે વરસાદ થઈ રહ્યો છે. હવામાનમાં આવેલા પલટાના કારણે સ્થિતી જટિલ બની ગઈ છે. નીચાણવાળા વિસ્તારોમાં વરસાદના કારણે ઠંડીમાં એકાએક વધારો થયો છે. રાજસ્થાનના અજમેર, અલવર, ભીલવાડા, જયપુર, ઝુંઝનુ, સીકર, બિકાનેર, ચુરુ, હનુમાનગઢ, જોધપુર, નાગોર, અને શ્રી ગંગાનગરમાં યેલો એલર્ટની જાહેરાત કરવામાં આવી છે. આગામી બે ત્રણ દિવસ સુધી ભારે હિમવર્ષા અને વરસાદ જારી રહે તેવી શક્યતા છે. હવામાન વિભાગના કહેવા મુજબ પહેલી ડિસેમ્બર સુધી જમ્મુ કાશ્મીર, હિમાચલપ્રદેશ અને ઉત્તરાખંડમાં જુદા જુદા વિસ્તારોમાં ભારે હિમવર્ષા જારી રહી શકે છે. ભારે હિમવર્ષાના કારણે લોકો સાવધાન થઈ ગયા છે. સાવચેતીના તમામ

પગલા લેવામાં આવી રહ્યા છે. રાજસ્થાનમાં વધારે ઠંડી માટે યેલો અલર્ટની જાહેરાત કરવામાં આવી છે. તંત્ર સંપૂર્ણપણે સજ્જ છે. બીજી બાજુ એકાએક ઠંડીના ચમકારાના કારણે બાળકો અને મોટી વયના લોકો જુદા જુદા પ્રકારના ઈન્ફેક્શનના સકંજામાં આવી ગયા છે. સમગ્ર ઉત્તર ભારતમાં હવે ઠંડી ધીમે ધીમે વધી રહી છે. ખાસ કરીને રાજસ્થાનના વિવિધ ભાગો તો નીચા તાપમનમાં પહોંચી ગયા છે. રાજસ્થાનની વાત કરવામાં આવે તો માઉન્ટ આબુ, અજમેર, પુષ્કર, સિકર અને અન્ય વિસ્તારોમાં હવે પારો સતત ગગડી રહ્યો છે.

## અરવલ્લી કોંગ્રેસ સમિતિનો હલ્લાબોલ, બળદગાડા સાથે પહોંચ્યા કલેકટર કચેરીએ

**તમામ તાલુકાને પાક નુકશાન આપવા માંગ**

મોડાસા, તા. ૨૮

ચોમાસુ લંબાતા તેમજ ચોમાસાના અંતે લણણીની સીઝન હતી તે વખતે જ પડેલા કમોસમી વરસાદને કારણે તૈયાર પાક પલળી જતાં રાજ્યના ખેડૂતોને ભારે નુક્સાન થતા પહેલા ૭૦૦ કરોડ રુપિયાનું રાહત પેકેજ જાહેર કર્યા બાદ સરકારે ફરી ૩,૭૯૫ કરોડ રુપિયાનું વધારાનું પેકેજ જાહેર કર્યું છે.




અરવલ્લી જિલ્લામાં તાજેતરમાં થયેલ કમોસમી વરસાદ બાદ પાક નુકશાનીની સરકારે જાહેર કરેલ સહાયમાં જિલ્લાના માત્ર બાયડ અને મોડાસા તાલુકાને બાદ કરી અન્ય ચાર તાલુકાના ખેડૂતો સહાયથી વંચિત રહેતા જિલ્લા કોંગ્રેસ દ્વારા બળદગાડામાં આંખે પાટા બાંધી જીલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપી જીલ્લાના તમામ તાલુકાઓને અસરગ્રસ્ત જાહેર કરી સહાય આપવાની માંગ કરી હતી. જીલ્લા સેવાસદનમાં ''ખેડૂત વિરોધી એ સરકાર નહિ ચલેગી નહિ ચલેગી'' અને ''હાય રે ભાજપ હાય હાયના સૂત્રોચ્ચારથી ગુંજી ઉઠ્યું હતુ.

અરવલ્લી જિલ્લામાં ચાલુ ચોમાસાની સિઝનમાં ૧૦૫ ટકા કરતા વધુ વરસાદ ખાબક્યો છે, ત્યારબાદ થયેલ કમોસમી વરસાદના કારણે જિલ્લાના તમામ તાલુકાઓમાં ખેડૂતોના મગફળી કપાસ સોયાબીન અને કઠોળ જેવા પાકો સંપૂર્ણપણે નિષ્ફળ ગયા છે. ખેડૂતોએ લીધેલ પાક વીમા અંગે પણ વીમા કંપનીઓએ હાથ અધ્ધર કરી લીધા છે. ત્યારે સરકારી રાહત એજ ખેડૂતો માટે એક માત્ર ટકી રહેવા આધારભૂત છે. સરકારે સમગ્ર ગુજરાતમાં થયેલ ખેડૂતોને પાક નુકશાન બાબતે ૩૭૦૦ કરોડની સહાય જાહેર કરી છે, જેમાં જિલ્લાના કુલ ૬ તાલુકાઓમાંથી માત્ર બાયડ અને મોડાસા તાલુકાના ખેડૂતોના જ યાદીમાં નામ છે. ત્યારે સરકારી તંત્રની બેદરકારીના કારણે બાકીના માલપુર, મેઘરજ, ભિલોડા અને ધનસુરા તાલુકાના એક પણ ખેડૂતનો સહાય પેકેજમાં સમાવેશ કરવામાં આવ્યો નથી. જેના કારણે જિલ્લાના ખેડૂતોની પડતા પર પાટુ જેવો ઘાટ થવા પામ્યો છે. ત્યારે આ બાબતને લઈ આજે અરવલ્લી જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા જિલ્લા કલેકટર કચેરીએ બળદગાડું લઈ કાળી પટ્ટી આંખો પર બાંધી સરકારને જગાડવા ભારે સૂત્રોચ્ચાર સાથે હલ્લાબોલ કરવામાં આવ્યો હતો અને અરવલ્લી જિલ્લા કલેકટરને આવેદનપત્ર આપી બાકી ૪ તાલુકાઓના ખેડૂતોને સહાય યાદીમાં સમાવવાની માંગ કરી હતી.

## ધાનેરામાં આરટીઓના વાહન પાસીંગ કેમ્પમાં એજન્ટોનો રાફડો

**વાહન માલિકો કરતા એજન્ટો વધારે : આરટીઓ અધિકારી એજન્ટો સામે કાર્યવાહી કરવાના બદલે મીડિયા કર્મીના ફોટા પાડવામાં વ્યસ્ત બન્યા**



પાલનપુર

ગુજરાત સરકાર દ્વારા રાજ્યમાંથી ચેકપોસ્ટો તો નાબૂદ કરી દેવામાં આવી પરંતુ હવે આરટીઓના એજન્ટો નાબુદ કરે તેવી લોક માંગ ઉઠી રહી છે. આરટીઓ અધિકારી અને એજન્ટોની મિલીભક્તિથી આમ પ્રજા લૂંટાઈ રહી છે ત્યારે આરટીઓ અધિકારી એજન્ટો સામે કાર્યવાહી કરવાના બદલે મીડિયા કર્મીઓના ફોટા પાડવામાં વ્યસ્ત બન્યા.

સરકાર દ્વારા તો એજન્ટોને નાબૂદ કરી દેવામાં આવ્યા છે. પરંતુ કેટલાક અધિકારીઓ જાણે એજન્ટ વગર કામ જ ન ગમતું હોય તેમ લાગી રહ્યું છે. પાલનપુર આરટીઓ કચેરીમાં પણ એજન્ટોનો રાફડો ફાટ્યો નીકળ્યો છે. તો બીજી તરફ આરટીઓ દ્વારા કરવામાં આવતા તાલુકાના કેમ્પમાં પણ એજન્ટોનો રાફળો જોવા મળે છે. જો વાત કરવામાં આવે ધાનેરા વિસ્તારની તો આજે ધાનેરા તાલુકાના થાવર ગામે વાહન પાસીંગ માટે આરટીઓનો કેમ્પ યોજાયો હતો જેમાં વાહન માલિકો કરતા આરટીઓ એજન્ટ વધુ નજરે જોવા મળ્યા હતા. સમગ્ર બાબતે અમારી ટીમ દ્વારા કવરેજ કરતાં આરટીઓ અધિકારી લાજવાના બદલે મોબાઈલ કાઢી તે પણ કવરેજ કરનાર મીડિયા કર્મીનું શૂટિંગ કરતા નજરે જોવા મળ્યા હતા. કોઈ પણ વ્યક્તિને તેનું વાહન પાર્કિંગ કરવું હોય તો પહેલા એજન્ટોને મળવું પડે છે અને તે બાદ જ તેનું વાહન પાસીંગ થાય છે અને જો કોઈ કામ જાતે કરવાની કોશિશ કરે તો અધિકારીઓ જવાબ નથી આપતા એટલે લોકોને કંટાળીને પણ એજન્ટોના શરણે જવું પડે છે ત્યારે ગુજરાત સરકાર પણ આ બાબતે યોગ્ય નિર્ણય લઈ અને એજન્ટો અને અધિકારીઓ સામે લાલા કરે તેવી લોકમાંગ ઉઠવા પામી છે.